# Surat Municipal Corporation
## e-Magazine

**Issue 57**
**June23, 2006**


### સુરત મહાનગરપાલિકા અને સુડાના સંયુકત ઉપક્રમે આયોજીત તાપી રીવર ફ્રન્ટ ડેવલોપમેન્ટ યોજના

સદાકાળ વહેતી પુણ્ય સલિલા તાપીના બંને કાંઠે નાગરિકોનાં લાભાર્થે રસ્તા, રહેઠાણના આવાસો, વાણિજય હેતુસરના વિકાસ અને નાગરિકોના આનંદ પ્રમોદ–મનોરંજન માટે વિવિધ યોજનાઓ ઘડવાનું આયોજન સુરત મહાનગરપાલિકા અને સુડાના સંયુકત ઉપક્રમે એચ.સી.પી.ડી.એમ., અમદાવાદને રૂા. ૧.૮૦ કરોડના ખર્ચે તૈયાર કરવાનું સોંપવામાં આવ્યું છેૅ....

વધુ માટે કલીક કરો >>>>>>

### સુરત મહાનગરપાલિકાની મજુરાગેટની પ્રા.શાળા ૮, ૯માં પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી

મજુરાગેટ ખાતે આવેલી સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા નં. ૮, ૯માં ભવ્ય પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી નામાંકન ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મેયરશ્રીએ તેમના ઉદબોદધનમાં જણાવ્યું હતું કે, " શિક્ષક અને ડોકટર ભગવાનના નજીકના માણસો છે " શિક્ષણ સાથે ભણતર, ગણતર અને ઘડતરનું કાર્ય શિક્ષક કરી શકે છે માટે પ્રાથમિક શિક્ષણના શિક્ષકોએ પાયાનું ઘડતર કરવું. શિક્ષણ સમિતિમાં પરિણામ જોતા ગુણવતાવાળું શિક્ષણ અપાય છે એ સૌ જોઈ શકે છે....

વધુ માટે કલીક કરો >>>>>>

### સુરત મહાનગરપાલિકા દ્વારા રાંદેર ઝોન ખાતે તા. ૨૦–૬–૦૬ના રોજ એલ. આઈ. જી. આવાસ યોજનાનો ડ્રો




રાજય સરકારશ્રી તરફથી સુરત મહાનગરપાલિકાને ઓછી આવક જૂથ ધરાવતા (એલ.આઈ.જી.કેટેગરી) લોકો માટે ૬૫ આવાસો બનાવવાનો લક્ષ્યાંક ફાળવેલ હતો. જેની સામે સુરત મહાનગરપાલિકાએ ટી.પી.સ્કીમ નં. ૧૩ (અડાજણ), ફા.પ્લોટ નં. ૩૦ ખાતે ૭૫ આવાસો તથા ટી.પી.સ્કીમ નં. ૩૨ (અડાજણ), ફા.પ્લોટ નં. ૧૫૧ ખાતે ૩૮ આવાસો મળી કુલ ૧૧૩ એલ.આઈ.જી. આવાસોનું બાંધકામ કરેલ છે. આ આવાસ યોજના માટે શહેરીજનો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. કુલ માન્ય અરજીઓ ૧૨૨૧ રહી હતી.....

વધુ માટે કલીક કરો >>>>>>

### સુરત મહાનગરપાલિકા દ્વારા સ.વ.પટેલ મ્યુઝિયમ ખાતે મ્યુઝિયમ શોપનું ઉદઘાટન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ.વ.પટેલ મ્યુઝિયમને હાલના સ્થળ પર ૫૦ વર્ષ પૂર્ણ થયા હોય સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી અને ગુજરાત રાજય સરકાર ધ્વારા વર્ષ ૨૦૦૬ ને પ્રવાસન વર્ષ તરીકે જાહેર કરેલ હોય તેની ઉજવણીના ભાગરૂપે સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમમાં મ્યુઝિયમ શોપ નું ઉદઘાટન આજરોજ તા. ૨૦–૬–૨૦૦૬ના રોજ મા.મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીના વરદ હસ્તે કરવામાં આવ્યું.....




વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા અને સુડાના સંયુકત ઉપક્રમે આયોજીત તાપી રીવર ફ્રન્ટ ડેવલોપમેન્ટ યોજના

સદાકાળ વહેતી પુણ્ય સલિલા તાપીના બંને કાંઠે નાગરિકોનાં લાભાર્થે રસ્તા, રહેઠાણના આવાસો, વાણિજય હેતુસરના વિકાસ અને નાગરિકોના આનંદ પ્રમોદ–મનોરંજન માટે વિવિધ યોજનાઓ ઘડવાનું આયોજન સુરત મહાનગરપાલિકા અને સુડાના સંયુકત ઉપક્રમે એચ.સી.પી.ડી.એમ., અમદાવાદને રૂા. ૧.૮૦ કરોડના ખર્ચે તૈયાર કરવાનું સોંપવામાં આવ્યું છે. આ આયોજન સાકાર કરવા માટે પાયાની કામગીરી કે જેમાં તાપી નદીમાં વર્ષો વર્ષથી આવતા પુર અને ભારે વરસાદના સંજોગોની થતી અસરોની ચકાસણીનું મુખ્ય કામ ભારત સહકાર હસ્તકની આ ક્ષેત્રની સર્વોચ્ચ વૈજ્ઞાનિક સંસ્થા **સેન્ટ્રલ વોટર એન્ડ પાવર રીચર્સ સ્ટેશન, પુના (CWPRS)** ને કુલ રૂા. ૧૮.૦૦ લાખને ખર્ચે સોંપવામાં આવ્યું છે.

આજરોજ હધ.ચક નાં **ચીફ રીચર્સ ઓફિસરશ્રી દેશમુખ** દ્વારા કુલ ત્રણ તબકકામાં કરવાપાત્ર કામગીરી પૈકી પ્રથમ તબકકાની કામગીરીનું ઓડીયો–વીઝયુઅલ પ્રેઝન્ટેશન સુરત મહાનગરપાલિકા ખાતે કરવામાં આવ્યું હતું. ઉકાઈ બંધના ઉપરવાસમાં વરસાદના ડેટા તથા ઉકાઈ બંધથી સુરત શહેર સુધીનાં વિસ્તારનાં વરસાદનાં ડેટા અને ભૂતકાળનસ મહત્તમ પુર પરિસ્થિતિનાં સંજોગોમાં કઠોર બ્રીજથી હેઠવાસમાં ડુમસ–હજીરા સુધીનાં વિસ્તારમાં અગત્યનાં સ્થળોએ પાણીનું લેવલ કેટલું થયું હતું અને તેની અસર જુદા–જુદા વિસ્તારમાં કેટલા પ્રમાણમાં થઈ હતી તેની વિગતોનું નિદર્શન શ્રી દેશમુખે કરેલ. ઉપરાંત શ્રી દેશમુખે બંને કાંઠે (તાપી નદીનાં ડાબા તથા જમણાં) આ પુરનાં પાણીની અસરોની વિસ્તૃત સમજ આપી હતી અને સુરત મહાનગરપાલિકા દ્વારા વિચારધીન, મહત્વાકાંક્ષી રીવર ફ્રન્ટ ડેવલોપમેન્ટ યોજનામાં પ્રાથમિક આયોજનને અનુલક્ષીને કઠોર બ્રીજ, સિંગણપોર વિયર, સરદાર પુલ, મગદલ્લા બ્રીજ અને તેની હેઠવાસમાં જુદા–જુદા સ્થળોએ પુરના પાણીની સપાટીમાં આશરે કેટલો વધારો થશે તેની વિગતવાર માહિતીનો અંદાજ રજુ કર્યો હતો.

પુર પરિસ્થિતિમાં ભાગ ભજવતા મહત્વના પરિબળોમાં શ્રી દેશમુખે જળાશયનું સંચાલન, પુર સંરક્ષણના અધુરા કામો, તાપી નદી કાંઠે થયેલા અનઅધિકૃત દબાણો, હજીરા વિસ્તારના ઔદ્યોગિક એકમોના જમીનના લેવલ, તાપી નદીના જમણા કાંઠાના નીચા લેવલ્સ, વિગેરે ગણાવ્યા હતા. સને ૧૯૯૮માં આવેલ તાપી નદીમાં ૬.૭૩ લાખ કયુસેકસના પુરની સામે ૧૦ લાખ કયુસેકસના પુર સમયે નીચેના મહત્વના સ્થળોએ કેટલો વધારો થશે તેનો નિર્દેશ પણ આપ્યો હતો.

| | | | |
|---|---|---|---|
| (૧) | મગદલ્લા બ્રીજ | : | ૧.૨ મી. |
| (૨) | નહેરુ બ્રીજ | : | ૨.૫ મી. |
| (૩) | વરીયાવ | : | ૨.૪ મી. |
| (૪) | ભાઠા/ઓ.એન.જી.સી. | : | ૨.૦ મી. |
| (૫) | સિંગણપોર વિયર | : | ૧.૭ મી. |
| (૬) | કઠોર બ્રીજ | : | ૩.૦ મી. |

આજ પ્રમાણે રીવર ફ્રન્ટ ડેવલોપમેન્ટ યોજના સાકાર થવાના સંજોગોમાં અંદાજીત ૧.૬ મી. થી ૦.૫ મી. જેટલું લેવલ, ૧.૨ મી. થી ૦.૫ મી. જેટલું લેવલ તથા ૦.૫ મી. થી ૦.૧ મી. જેટલું લેવલ અનુક્રમે ડીસ્ચાર્જ ૧૦ લાખ કયુસેકસ, ૬.૭૩ લાખ કયુસેકસ તથા ૩.૦ લાખ કયુસેકસને અનુલક્ષીને વર્તમાન પરિસ્થિતિમાં વધારે થવાની સંભાવના પણ તેઓએ વ્યકત કરી હતી.

વધુમાં શ્રી દેશમુખે મહાનગરપાલિકા દ્વારા મગદલ્લા બ્રીજની ઉપરવાસમાં સુચવેલ રબર ડેમની સંભાવનાઓ બાબતે હકારાત્મક વલણ દાખવીને તેઓનાં અભ્યાસ મુજબ આ રબર ડેમ બનાવવાથી તેની અસર પુરનાં સમયે થવાની સંભાવનાઓ નકારી હતી, જેથી રબર ડેમ બનાવવાથી મહાનગરપાલિકાને ભવિષ્યમાં ફાયદો થશે તેવું જણાવ્યું હતું. જો કે, તાપી રીવર ફ્રન્ટ ડેવલોપમેન્ટને કારણે મહાનગરપાલિકાએ વિવિધ ખાડી તથા સ્ટ્રોમ વોટર ડ્રેઈનના પાણીનો યોગ્ય રીતે નિકાલ કરવાની પધ્ધતિ વિકસાવવી પડશે તેવું સુચન પણ કરેલ. વધુમાં, પુર સંરક્ષણ અર્થે તેઓશ્રીએ કેટલાંક અગત્યના સુચન

પણ કરેલ, જેમાં ઉકાઈ જળાશયનું અસરકારક નિયંત્રણ તથા તેનાં સંચાલનની વર્તમાન પધ્ધતિની યોગ્ય પુનઃવિચારણા, પુર સંરક્ષણ કામો પુરા કરવા, સમગ્ર તાપી નદી માટે મેથેમેટીકલ મોડલ વિકસાવવા અને તેના હાઈડ્રોલોજીકલ ડેટા નેટવર્કનું વિસ્તૃતીકરણ અને તેની પુનઃસમીક્ષા, આવશ્યક સ્થળોએ પુરતી સંખ્યામાં ફલ્ડ ગેટસ સત્વરે મુકી તેનું નિયંત્રણ કરવા સહિતના પગલાંઓ લેવા સુચન કરેલ.

મહાનગરપાલિકાએ CWPRS ને સોંપેલ કામગીરીનાં દ્વિતિય તબકકામાં તાપી નદીનાં બન્ને કાંઠે રસ્તા, રહેઠાંણ, વાણિજયીક કે આનંદ–પ્રમોદનાં જે સ્થળો જે પ્રકારે વિકસાવવાનું ભવિષ્યમાં આયોજન કરવામાં આવે તો તેની તાપી નદીમાં પુર સમયે શું અસર પડશે? તેની ચકાસણી આવા આયોજનો વિષેનાં વિચારો મહાનગરપાલિકા દ્વારા ફાયનલ થયેથી તેનો હધ.ચક દ્વારા પુનઃઅભ્યાસ કરી તેમના દ્વારા રિપોર્ટ આપી શકાશે.

જયારે, ત્રીજા તબકકામાં તાપી નદીનાં પુરનું પાણી કેટલેક અંશે કિમ ખાડીમાં વાળી શકાય તેનો અભ્યાસ CWPRS દ્વારા રજુ કરવામાં આવશે. આમ, સમગ્રયતા તાપી નદીની હાલની પરિસ્થિતિ, રીવર ફ્રન્ટ ડેવલોપમેન્ટ યોજના બન્યા બાદ તાપી નદીનાં પુરની સંભવિત પરિસ્થિતિ તથા તેને અમુક અંશે કિમ ખાડીમાં ડાયવર્ટ કરવાથી તાપી નદીનાં પુરની અસર કેટલેક અંશે ઓછા કરી શકાય કે કેમ? તેવા તમામ પાસાઓનો વૈજ્ઞાનિક ઢબે મેથેમેટીકસ મોડેલ સ્ટડી દ્વારા હધ.ચક સુચનો સહિત આખરી અહેવાલ રજુ કરશે.

નિર્દશનના અંતે હાજર રહેલ આ ક્ષેત્રનાં નિષ્ણાંત ડો. એમ.ડી.દેસાઈ, સુડાના એડવાઈઝર અને મહાનગરપાલિકાના નિવૃત સીટી ઈજનેરશ્રી પી.સી.શાહ તથા એચ.સી.પી.ડી.એમ., અમદાવાદના પ્રતિનિધિ દ્વારા ડો. દેશમુખ સાથે ટેકનીકલ બાબતોએ વધુ ચર્ચા–વિચારણા પણ કરી હતી.

આજના આ મહત્વના પ્રેઝન્ટેશનનું અધ્યક્ષ સ્થાન સુરત મહાનગરપાલિકાના મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીએ સંભાળ્યું હતું અને તે દરમ્યાન મ્યુનિસિપલ કમિશ્નરશ્રી પંકજ જોષી, સીટી ઈજનેરશ્રી બી. એમ. દેસાઈ, એડીશનલ સીટી ઈજનેરશ્રી વી. ડી. પટેલ, ડી.ઓ.પી.શ્રી જીવણભાઈ પટેલ, ડે. કમિશ્નરશ્રી (હે. અને હો.) ડો. આઈ. સી.પટેલ, ડે.કમિશ્નરશ્રી (પ.અનેઈ.)શ્રી સી. જે. ગામીત, આસી. કમિશ્નરશ્રી સી. વાય. ભટ્ટ, ભાજપના નેતાશ્રી રાજશેભાઈ દેસાઈ, વિપક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, પાણી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ વિગેરે અધિકારી–પદાધિકારીઓએ હાજર રહી રસ પૂર્વક CWPRS દ્વારા કરવામાં આવેલ મહત્વનું નિદર્શન નિહાળ્યું હતું.

આમ, મહાનગરપાલિકા અને સુડાના સંયુકત ઉપક્રમે આયોજીત તાપી રીવર ફ્રન્ટ ડેવલોપમેન્ટ યોજના માટે મેથેમેટીકસ મોડેલ સ્ટડી કરનાર ભારત સરકારની સંસ્થા CWPRS પૂના દ્વારા આ યોજના કેટલાંક ચોકકસ સુચનોના અમલને આધિન સાકાર થઈ શકશે તેવું જણાયું હતું.

**TOP**

## સુરત મહાનગરપાલિકાની મજુરાગેટની પ્રા.શાળા ૮, ૯માં પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી

મજુરાગેટ ખાતે આવેલી સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા નં. ૮, ૯માં ભવ્ય પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી નામાંકન ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મેયરશ્રીએ તેમના ઉદબોદધનમાં જણાવ્યું હતું કે, " શિક્ષક અને ડોકટર ભગવાનના નજીકના માણસો છે " શિક્ષણ સાથે ભણતર, ગણતર અને ઘડતરનું કાર્ય શિક્ષક કરી શકે છે માટે પ્રાથમિક શિક્ષણના શિક્ષકોએ પાયાનું ઘડતર કરવું. શિક્ષણ સમિતિમાં પરિણામ જોતા ગુણવતાવાળું શિક્ષણ અપાય છે એ સૌ જોઈ શકે છે. આજ શિક્ષણથી ડોકટરો, વકીલો તથા ઈજનેરો બન્યા છે માટે શિક્ષકોએ બાળકો પર લાગણી રાખવી એવી નમ્ર ટકોર પણ કરી હતી.

અતિથિ વિશેષ તરીકે મ્યુ. કમિશ્નર પંકજ જોષીએ ઉપસ્થિત વાલીઓને આવકારતા કહયું હતું કે શિક્ષણ માટેના કોઈપણ સૂચનો હશે તે અમને આવકાર્ય રહેશે. જીવનમાં આગળ વધવા માટે પરિશ્રમ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. વાલીઓએ જે વિશ્વાસ મૂકી બાળકોને સમિતિની શાળાઓમાં દાખલ કરે છે તેને ફરી આવકારી અભિનંદુ છું. અતિથિવિશેષ ધારાસભ્ય ભાવનાબેન ચપટવાલાએ કન્યા કેળવણીને ઉતેજન આપવા માટે ગુજરાત સરકારની વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજનાથી માહિતગાર કર્યા હતા. શાસકપક્ષના નેતા રાજેશભાઈ દેસાઈએ શિક્ષણ ક્ષેત્રમાં પણ નવ વિચાર અને પરિવર્તન જરૂરી છે. જેથી વિદ્યાર્થીઓનો પણ વિકાસ થાય તે માટે શિક્ષકોને વધુ સજજ થવા માટે સુચન કર્યુ હતું.

ન.પ્રા.શિ.સમિતિના અધ્યક્ષ રૂપીનભાઈ પચ્ચીગરે કહયું હતું કે, ન.પ્રા.શિ.સમિતિનું શિક્ષણ ઉતરતી કક્ષાનું છે એ માન્યતા ખોટી છે. અમે આ માન્યતાને ખોટી પુરવાર કરવા માટે અમારા ભગીરથ પ્રયત્નો રહેશે. ન.પ્રા.શિ.સમિતિના શાસનાધિકારી કે.વી.દેસાઈએ જણાવ્યું હતું કે, વેકેશન દરમ્યાન નામાંકન માટે શિક્ષકોએ કરેલું સર્વેની આંકડાઓ સહિત માહિતી આપી હતી. શૈક્ષણિક અને સાંસ્કૃતિક સમિતિના કન્વીનર ઉમેશભાઈ ભટ્ટે સ્વાગત પ્રવચન કરતા કહયું કે હું આપ સૌને હદયના ઉમળકાથી આવકારૂ છું. બાળકોને ફૂલો સાથે સરખાવી, એ ગમે ત્યાનું ફુલ હોય એ ફૂલ જ છે. તેમના જીવનમાં સંસ્કાર અને શિક્ષણનું સિંચન કરવું એ આપણું પ્રથમ કર્તવ્ય છે.

આ સમારંભને શોભાયમાન કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારી ડો. કે.આર.ઝાંઝરૂકીયા, સ્થાયી સમિતિના અધ્યક્ષ રણજીતભાઈ ગીલીટવાલા, ડે.મેયર સુષ્મા અગ્રવાલ, સુ.મ.ન.પા.ના. આસિ. કમિશ્નર ભટ્ટ, શિક્ષણ સમિતિના ઉપાધ્યક્ષા પ્રજ્ઞાબેન કડકીયા, ભવન સમિતિના કન્વીનર નાથુભાઈ સોસા, ઉદ્યોગ–પ્રવાસ રમતગમત સમિતિના કન્વીનર રાજેશભાઈ બોડીવાલા, ખરીદ સમિતિના કન્વીનર ડો. કિશોરભાઈ લાખાણી, મધ્યસ્થ વિજ્ઞાન ભવનના કન્વીનર ડો. કિરણચંદ્ર દેસાઈ, કમ્પ્યૂટર સમિતિના કન્વીનર કલ્પેશ મોહિલે, સભ્ય વ્રજલાલ જરીવાળા, રાકેશભાઈ શાહ, ધીરૂભાઈ ધમેલીયા, ચેતનાબેન પુરોહિત હાજર રહયા હતા.

શાળા નંબર ૨૭૨ની બાલિકાઓએ પ્રાર્થનાની શરૂઆત કરી સ્વાગત ગીત પણ પ્રસ્તુત કર્યુ હતું. યોગની યોગિક ક્રિયાઓ શા.નં. ૧૬૭ના બાળકોએ રજૂ કરી તેનું મહત્વ સમજાવ્યું હતું. બાળનાટક શાળા ક્રમાંક ૮૫ અને ૮૮ નંબરની શાળાના બાળકોએ રજૂ કરી હતી. દાતાઓ વકી તમામ ઝોનની શાળાઓમાં શાળાના બાળકોને શૈક્ષણિક કીટ અર્પણ કરી પ્રોત્સાહન કર્યા હતા. શ્રેણી ૩થી ૭માં પ્રથમ ક્રમ મેળવનાર બાળકોને પુસ્તકરૂપી ભેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. સમારંભનું સમગ્ર ઉદઘોષણા કાર્ય કો. ઓર્ડિનેટર જીતેન્દ્રભાઈ મકવાણાએ કર્યુ હતું.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા રાંદેર ઝોન ખાતે તા. ૨૦–૬–૦૬ના રોજ એલ. આઈ. જી. આવાસ યોજનાનો ડ્રો

રાજય સરકારશ્રી તરફથી સુરત મહાનગરપાલિકાને ઓછી આવક જૂથ ધરાવતા (એલ.આઈ.જી.કેટેગરી) લોકો માટે ૬૫ આવાસો બનાવવાનો લક્ષ્યાંક ફાળવેલ હતો. જેની સામે સુરત મહાનગરપાલિકાએ ટી.પી.સ્કીમ નં. ૧૩ (અડાજણ), ફા.પ્લોટ નં. ૩૦ ખાતે ૭૫ આવાસો તથા ટી.પી.સ્કીમ નં. ૩૨ (અડાજણ), ફા.પ્લોટ નં. ૧૫૧ ખાતે ૩૮ આવાસો મળી કુલ ૧૧૩ એલ.આઈ.જી. આવાસોનું બાંધકામ કરેલ છે. આ આવાસ યોજના માટે શહેરીજનો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. કુલ માન્ય અરજીઓ ૧૨૨૧ રહી હતી.

ઉપલબ્ધ આવાસો કરતા અરજીઓની સંખ્યા વધારે હોવાથી મા. મેયરશ્રી ડો. કનુભાઈ જી. માવાણીના પ્રમુખ સ્થાને આવાસ યોજનાનો જાહેર ડ્રો તા. ૨૦–૬–૨૦૦૬ના રોજ પટેલ પ્રગતિ મંડળની વાડી, જોગાણી નગર, અડાજણ ખાતે રાખવામાં આવેલ હતો. ઉકત ડ્રોની કાર્યવાહીમાં સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિરોધ પક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, કમિશ્નરશ્રી, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરમેનશ્રી ભીખુભાઈ ગામીત તથા અન્ય સમિતિના ચેરમેનશ્રીઓ અને મ્યુ. સભ્યશ્રીઓ તથા મોટી સંખ્યામાં અરજદારો ઉપસ્થિત રહયા હતા. અરજદારોની ઉપસ્થિતિમાં ડ્રોની કાર્યવાહી ઘણી સારી રીતે સંપન્ન થયેલ હતી. ડ્રોમાં સફળ થયેલ અરજદારોની વિગતવાર યાદી રાંદેર ઝોન કચેરી તથા અન્ય ઝોન/સીટી સિવિક સેન્ટર ખાતે દિન–૨ બાદ પ્રસિધ્ધ કરવામાં આવશે, જેની સંબંધિતોએ નોંધ લેવી. વધુ જાણકારી/માહિતી માટે રાંદેર ઝોન કચેરી અથવા સ્લમ અપગ્રેડેશન સેલ ખાતાનો સંપર્ક કરવા આથી જણાવવામાં આવે છે.




એડી.સીટી ઈજનેરશ્રી વી.ડી.પટેલ અને આસી. કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટે માર્ગદર્શન પુરૂં પાડયું હતું. કાર્યક્રમનું સંચાલન યુ.સી.ડી.ના શ્રી નરેશ વ્યાસે સંભાળ્યું હતું. સમગ્ર કાર્યક્રમની કાર્યવ્યવસ્થા રાંદેર ઝોનના કાર્યપાલક ઈજનેર શ્રી ડી.સી.ગાંધીએ સંભાળી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા સ.વ.પટેલ મ્યુઝિયમ ખાતે મ્યુઝિયમ શોપનું ઉદઘાટન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ.વ.પટેલ મ્યુઝિયમને હાલના સ્થળ પર ૫૦ વર્ષ પૂર્ણ થયા હોય સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી અને ગુજરાત રાજય સરકાર ધ્વારા વર્ષ ૨૦૦૬ ને પ્રવાસન વર્ષ તરીકે જાહેર કરેલ હોય તેની ઉજવણીના ભાગરૂપે સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમમાં મ્યુઝિયમ શોપ નું ઉદઘાટન આજરોજ તા. ૨૦–૬–૨૦૦૬ના રોજ મા.મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે મા. ડે. મેયરશ્રી ડો. સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, મા. કમિશ્નરશ્રી પંકજ જોષી, ડે. કમિશ્નરશ્રી (સ્પે.) શ્રી પ્રદિપસિંહ ઝાલા, એડી. સીટી ઈજનેરશ્રી વી. ડી.પટેલ, આસી. કમિશ્નરશ્રી સી. વાય. ભટ્ટ, મ્યુ. સભ્યશ્રીઓ તથા ઘણી મોટી સંખ્યામાં કલાપ્રિય શહેરીજનો તથા આમંત્રિતો ઉપસ્થિત રહયા હતા. આ " મ્યુઝિયમ શોપ " ધ્વારા સંસ્કારનગરી સુરતના મ્યુઝિયમની મુલાકાતે આવતા શહેરીજનો તેમજ અન્ય શહેરો તથા દેશ–પરદેશથી આવતા મુલાકાતીઓને સુરતની ઝાંખી કરાવતા પ્રકાશનો, જેના ધ્વારા તેઓ સુરતના ભવ્ય ભૂતકાળ, વૈવિધ્યસભર






વર્તમાનકાળ અને ઉજજવળ ભવિષ્ય વિશેની માહિતીઓની જાણકારી, વિવિધ હસ્તકળાના નમુનાઓ તેમજ સુરત મહાનગરપાલિકાના યુ.સી.ડી. વિભાગ રચિત મહિલા સંસ્થાઓ ધ્વારા તૈયાર કરવામાં આવેલ નમુનાઓ એક જ સ્થળેથી મેળવી શકાશે. આ મ્યુઝિયમ શોપ સોમવાર અને જાહેર રજા દિવસો સિવાય મંગળવાર થી શનિવાર સુધી સવારે ૧૧–૦૦ કલાક થી સાંજે ૫–૩૦ કલાક સુધી અને રવિવારે બપોરે ૩–૦૦ કલાક થી સાંજે ૬–૦૦ કલાક સુધી જાહેર જનતા માટે ખુલ્લી રાખવામાં આવશે, જેનો લાભ લેવા જાહેર જનતાને આગ્રહભરી વિનંતી છે.

TOP